PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૯૮/કવા–૦૨/૧૬–૧૭/ ~~[illegible]~~ ૧૦૪૦૦ તા. ~~[illegible]~~ 28/11/16

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
સતારશા હબીબશા સર્વદી,
ગામ: ત્રાંગળશા પીર (મુંજાવર),
ટી.બી. હોસ્પીટલ રોડ,
કેશોદ
મો: ૮૩૪૭૦ ૬૨૮૬૮

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. નીલ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૯૮/કવા–૦૨/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-3...)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી , કેશોદ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ. ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં. –૧, કેશોદ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૯૮/કવા–૦૨/૧૬–૧૭ કમિટિ મીટીંગ તા.૧૯–૧૧–૧૬ સ્થળ :જુનાગઢ

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામઃ સતારશા હબીબશા સર્વદી,ગામઃ મુંજાવર,

રજુઆત કરનાર : અરજદાર શ્રી સતારશા હબીબશા સર્વદી હાજર રહેલ હતા.

## વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં. –૧, કેશોદ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી , કેશોદ)

રજુઆત કરનાર :પી.જી.જોષી, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી , કેશોદ

## : હુકમ :

ફરીયાદ : વીજબીલ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ત્રાંગડશા પીર ના નામ પર ના કેશોદ ખાતે આવેલ ઘરવપરાશ કેટેગરી ના વીજજોડાણ નં.: ૮૦૨૦૨/૦૦૦૭૦/૨, કે જે સ્થળ પર, નિયંત્રીત / મર્યાદીત વીજભાર છે. અને વર્ષો થી પ્રતિ બીલ ૭૦ થી ૧૪૦ યુનીટ ની નિયમીત બીલીંગ ની વીજવપરાશ નુ બીલીંગ થાય છે. પરંતુ, પીજીવીસીએલ તરફથી અચાનક તેઓને માહે એપ્રીલ – મે–૧૬ નુ ૧૦૦૦ યુનીટ ની કુલ રકમ રૂ.૬,૦૯૭/૦૫ નુ વીજબીલ, જે તા.૧૧–૦૬–૧૬ ના રોજ અપાયેલ હતુ. જેથી, તેઓએ પીજીવીસીએલ મા રૂ.૧૦૦/– મીટર ચકાસણી ફી તારીખઃ ૨૧–૦૬–૧૬ ના રોજ ભરપાઈ કરતા, પીજીવીસીએલ તરફથી તેઓના જોડાણ નુ મીટર તા.૦૮–૦૭–૧૬ ના રોજ બદલાવી અને તા.૨૭–૦૭–૧૬ ના રોજ લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. ત્યારબાદ, પણ તેઓ શ્રી ને માહે જુન–જુલાઈ –૧૬ નુ કુલ ૧૯૩૮ યુનીટ નુ રૂ.૧૨,૬૦૮/૯૩નુ વીજબીલ, જે તા.૧૪–૦૮–૧૬ ના રોજ અપાયેલ છે. ફરીયાદી અરજદાર શ્રી ના જણાવ્યા મુજબ, તેમના જોડાણ નુ સ્થળ નાનુ છે, અને વીજભાર ન્યુનતમ છે. તેમજ, જોડાણ મા ૭૦ થી ૧૪૦ ની પ્રતિબીલ સરેરાશ વીજવપરાશી યુનીટ નુ જ ઘણા વર્ષો થી બીલીંગ થાય છે. આ તમામ બાબતો ને નજર સમક્ષરાખી અને તેઓ ને અપાયેલ (૧) માહે એપ્રીલ – મે–૧૬ નુ ૧૦૦૦ યુનીટ નુ રકમ રૂ.૬,૦૯૭/૦૫ નુ વીજબીલ તેમજ (૨) માહે જુન–જુલાઈ –૧૬ નુ કુલ ૧૯૩૮ યુનીટ નુ રૂ.૧૨,૬૦૮/૯૩નુ વીજબીલ, એક કુલ ૦૨ વીજબીલો ને, વ્યાજબી ધોરણ હેઠળ આવરી લઈ અને ન્યાયિક રીતે મુલવવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના ત્રાંગડશા પીર ના નામ પર ના કેશોદ ખાતે આવેલ ઘરવપરાશ કેટેગરી ના વીજજોડાણ નં.: ૮૦૨૦૨/૦૦૦૭૦/૨ મા તેઓને માહે એપ્રીલ – મે–૧૬ નુ ૧૦૦૦ યુનીટ ની કુલ રકમ રૂ.૬,૦૯૭/૦૫ નુ વીજબીલ, જે તા.૧૧–૦૬–૧૬ ના રોજ અપાયેલ હતુ. જેથી, અરજદાર શ્રી એ પીજીવીસીએલ મા રૂ.૧૦૦/– મીટર ચકાસણી ફી તારીખઃ ૨૧–૦૬–૧૬ ના રોજ ભરપાઈ કરતા, પીજીવીસીએલ તરફથી તેઓના જોડાણ નુ, સવાલવાળુ એલએન્ડ ટી કંપની નુ પીજીએસટી ૦૧૯૪૦૩૯, જે પર્ફોમા –૧૫ નંબરઃ૪૫૩૫ તા.૦૮–૦૭–૧૬ ના રોજ સ્થળ પર થી ઉતારી અને પેપર પેક કરાયેલ હતુ. આ સમયે મીટર મા છેલ્લા રીડીંગ ૩૭૪૪ યુનીટ નોંધાયેલ હતા. આ સમયે તા.૦૮–૦૭–૧૬ ના રોજ નવુ એચઈ કંપની નુ, મીટર નં. : પીજીએસટી ૦૩૦૪૬૧૬૮, જે શરૂઆતના ૦૦૦૦૨ રીડીંગ થી લગાડવામા આવેલ હતુ. ત્યારબાદ, ફરીયાદી અરજદાર શ્રી ના સવાલવાળા જુના એલએન્ડ ટી કંપની નુ પીજીએસટી ૦૧૯૪૦૩૯ ને, પીજીવીસીએલ ની લેબોરેટરી મા, ફરીયાદી અરજદાર શ્રી ની હાજરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચેકીંગ દરમ્યાન સદર મીટર નો એકયુરેસી ટેસ્ટ લેવાયેલ હતો, જેમા મીટર નોર્મલ અને તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ. |

| | |
|---|---|
| ૨.૨ | તેમ છતા, લેબોરેટરી ચેકીગ દરમ્યાન સદર એલએન્ડ ટી કંપની નુ પીજીએસટી ૦૧૯૪૦૩૯ નો, એમ.આર.આઈ. ડેટા પણ ડાઉનલોડ કરાયેલ હતો. એમ.આર.આઈ. મા મળેલ માહે ઓગષ્ટ–૧૫ થી જુલાઈ–૧૬ સુધી ના કુલ ૧૨ માસ ના સમયગાળા દરમ્યાન મીટર મા નોંધાયેલ વીજભાર અને યુનીટ ની બાબતો અભ્યાસે લેતા, તેમજ સદર જોડાણ મા આજ સમયગાળા એટલેકે ઓગષ્ટ–૧૫ થી જુન–૧૬ સુધી ના નિયમીત મીટર રીડીગ દરમ્યાન ના અપાયેલ નિયમીત વીજબીલો ના યુનીટ ધ્યાને લેતા, સરખામણીએ, સદર મીટર મા, આ એક વર્ષ ના સમયગાળા દરમ્યાન વાસ્તવિક વીજવપરાશી યુનીટ થી ઓછા યુનીટ નુ બીલીગ થયેલ હોવાની બાબત રેકર્ડ આધારીત સ્પષ્ટ થયેલ છે. આમ, આ એક વર્ષ ના સમયગાળા મા પડતર રહેલ યુનીટ નો આખરી સરવાળો, જે (૧) માહે એપ્રીલ – મે–૧૬ નુ ૧૦૦૦ યુનીટ અને તેમજ (૨) માહે જુન–જુલાઈ –૧૬ નુ કુલ ૧૯૩૮ યુનીટ ના બીલ મા સમાવેશ થતા, આવા અગાઉ ના ચડત / પડતર રીડીગ ના કારણોસર અરજદાર શ્રી ને સવાલવાળા, સદર કુલ ૦૨ વીજબીલો, જે અપાયેલ છે તે વીજબીલો તાંત્રીક રીતે યોગ્ય એવા મીટર મા નોંધાયેલ યુનીટ મુજબ ના જ હોય, નિયમાધીન યોગ્ય છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના સદર ઘરવપરાશ વીજજોડાણ ની બીલીગ કેટેગરી વાળુ સવાલવાળુ જુનુ મીટર, લેબોરેટરી ચેકીગ દરમ્યાન તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ. આમ, મીટર તાંત્રીક રીતે યોગ્ય હોય, તેમા નોંધાયેલ યુનીટ પણ, જોડાણ મા થતા વીજવપરાશ મુજબ ના જ છે. જે યોગ્ય છે. પરંતુ, સદર મીટર ના, માહે ઓગષ્ટ–૧૫ થી જુલાઈ–૧૬ સુધી ના કુલ ૧૨ માસ ના સમયગાળા દરમ્યાન ના મળેલ એમ.આર.આઈ. અહેવાલ મા જણાયેલ વિગતો અને, તેની સરખામણીએ સદર ૧૨ માસ ના સમયગાળા મા જોડાણ મા થયેલ ખરેખર વાસ્તવિક બીલીગ ની વિગતો અભ્યાસે લઈ, અને સરખામણીએ લેતા, સદર સમયગાળા દરમ્યાન, નિયમીત મીટર રીડીગ દરમ્યાન, સબંધક મીટર રીડરો દ્વારા, જોડાણ ના મીટર મા નોંધાયેલ વીજવપરાશી યુનીટ ને બદલે, ઓછા વીજવપરાશી યુનીટ ના વીજબીલો, જે માહે ઓગષ્ટ–૧૫ થી જુલાઈ–૧૬ સુધી ના કુલ ૧૨ માસ ના સમયગાળા દરમ્યાન અપાયેલ હોવાની બાબત ને રેકર્ડ આધારીત સમર્થન મળેલ છે. આવા કારણોસર, સદર માહે ઓગષ્ટ–૧૫ થી જુલાઈ–૧૬ સુધી ના કુલ ૧૨ માસ ના સમયગાળા ના, અગાઉ ના ચડત/ પડતર યુનીટ નો સરવાળો, જે (૧) માહે એપ્રીલ – મે–૧૬ નુ ૧૦૦૦ યુનીટ અને તેમજ (૨) માહે જુન–જુલાઈ –૧૬ નુ કુલ ૧૯૩૮ યુનીટ ના બીલ મા સમાવેશ થતા, આવા અગાઉ ના ચડત / પડતર રીડીગ ના કારણોસર અરજદાર શ્રી ને સવાલવાળા, સદર કુલ ૦૨ વીજબીલો, જે અપાયેલ છે. તે બાબત સ્પષ્ટ થયેલ છે. |
| ૩.૨ | ઉપરોકત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતો ઉપરાંત ની બાબતો, એટલેકે, સદર જોડાણ ના બીલીગ ઈતીહાસ ( પી.આર.ટી.–૧૪૫ ) ની વિગતો અભ્યાસે લેતા, ફોરમ કમિટી ને જણાયેલ છે કે, અરજદાર શ્રી ના સદર જોડાણ મા સવાલવાળુ મીટર અગાઉ લગાડવામા આવેલ માહે એપ્રીલ – મે–૧૪ ના સમયગાળા પછી ના તુરંત જ નુ, એટલેકે માહે જુન–જુલાઈ–૧૪ થી માહે ફેબ્રુઆરી–માર્ચ –૧૬ સુધી ના કુલ ૧૧ દ્રીમાસીક વીજબીલો પણ, ઘણા જ ન્યુનતમ વીજવપરાશી યુનીટ ના, એટલેકે આ ૧૧ દ્રીમાસીક બીલીગ સમયગાળા ના ૨૨ માસ ના વીજબીલો, જે કુલ ૮૦૦ યુનીટ વીજવપરાશ ના જ અપાયેલ હોવાની બાબત પણ રેકર્ડ આધારીત રીતે સ્પષ્ટ થયેલ છે. આમ, ફરીયાદી અરજદાર શ્રી ના જોડાણ નો સદર પડતર યુનીટ વાળો બીલીગ કેઈસ, જે માત્ર માહે ઓગષ્ટ–૧૫ થી જુલાઈ–૧૬ સુધી ના કુલ ૧૨ માસ ના સમયગાળા ના પડતર યુનીટ પૂરતો જ નથી. પરંતુ, માહે જુન–જુલાઈ –૧૪ થી માહે જુન–જુલાઈ –૧૬ સુધી ના ૧૪ દ્રીમાસીક બીલીગ સમયગાળા ના ૨૮ માસ માટે નો છે. |
| ૩.૩ | અરજદાર શ્રી ના જોડાણ મા, તાંત્રીક રીતે યોગ્ય એવા સવાલવાળા મીટર મા, અગાઉ મીટર લગાડયા સમયગાળા એપ્રીલ – મે –૧૪ ના શરૂઆતના ૧૦ રીડીગ થી, મીટર ઉતારાયેલ તા.૦૮–૦૭–૧૬ વાળા સમયગાળા એટલેકે જુન–જુલાઈ–૧૬ સુધી ના સમયગાળા દરમ્યાન, લેબોરેટરી ચકાસણી મા જણાયા મુજબ છેલ્લા રીડીગ ૩૭૪૪ યુનીટ જણાયેલ હતા. આમ, ૩૭૩૪ યુનીટ ( શરૂઆતના ૧૦ અને લેબોરેટરી ચકાસણી મા જણાયા મુજબ છેલ્લા રીડીગ ૩૭૪૪ વચ્ચે ના તફાવતીય ૩૭૩૪) માથી, સવાલવાળા મીટર મા, અગાઉ ના માહે જુન–જુલાઈ–૧૪ થી માહે ફેબ્રુઆરી–માર્ચ –૧૬ સુધી ના કુલ ૧૧ દ્રીમાસીક વીજબીલો ના વાસ્તવિક એવા ૮૦૦ યુનીટ બાદ કરતા, ( ૩૭૩૪ યુનીટ – ૮૦૦ યુનીટ = ૨૯૩૪ યુનીટ ) ૨૯૩૪ યુનીટ પડતર રહેલ છે. આ પડતર યુનીટ નો સમયગાળો, જે માહે જુન–જુલાઈ –૧૪ થી માહે જુન–જુલાઈ –૧૬ સુધી ના ૧૪ દ્રીમાસીક બીલો નો છે. જેથી, સદર પડતર એવા ૨૯૩૪ યુનીટ ને, ૧૪ દ્રીમાસીક વીજબીલ મા વિભાજીત કરવાની બાબત ફોરમ કમિટી ને નિયમાધીન યોગ્ય અને વ્યાજબી જણાયેલ છે. |

| | |
|---|---|
| 3.4 | આમ, ફરીયાદી અરજદાર શ્રી ના જોડાણ મા, પડતર જણાયેલ અને વસુલાત પાત્ર રહેતા એવા, ગણતરીએ થતા કુલ ૨૯૩૪ યુનીટ નુ જ વધારાનુ વીજબીલીગ કરવુ જરૂરી છે. જેથી, અરજદાર શ્રી ને હાલ ના તબ્બકે, અપાયેલ, સવાલવાળા (૧) માહે એપ્રીલ – મે–૧૬ નુ ૧૦૦૦ યુનીટ અને તેમજ (૨) માહે જુન–જુલાઈ –૧૬ નુ કુલ ૧૯૩૮ યુનીટ ના વીજબીલો રદ કરી, અને સદર પડતર એવા ૨૯૩૪ યુનીટ ને,૧૪ દ્રીમાસીક બીલો મા વિભાજીત કરી, જે મુજબ પ્રત્યેક બીલ (૨૯૩૪ ÷ ૧૪ = ૨૧૦ યુનીટ) ૨૧૦ યુનીટ ની ગણતરીએ થતી રકમ મુજબ નુ બનાવી – એ મુજબ, માહે જુન–જુલાઈ –૧૪ થી માહે જુન–જુલાઈ –૧૬ સુધી ના ૧૪ દ્રીમાસીક બીલો – જે નવેસર થી પ્રત્યેક ૨૧૦ યુનીટ ની ગણતરી થતી રકમ મુજબ ના સદર ૧૪ બીલો ની વિગતો (પ્રત્યેક બીલ ની યુનીટ તેમજ રકમ ની ગણતરી દર્શાવતુ એવુ સુવ્યવસ્થિત ગણતરીપત્રક) દર્શાવતુ સુવ્યવસ્થિત ગણતરીપત્રક, ( જે તમામ ૧૪ વીજબીલ ની ગણતરીએ થતી આખરી સરવાળા ની રકમ અન્વયે ની વસુલાત નુ ગણતરીપત્રક) જે અરજદાર શ્રી ને, લેખીત પત્ર સાથે અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા પાઠવવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

મુદદા નં.–૪ : **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૪ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળા (૧) માહે એપ્રીલ – મે–૧૬ નુ ૧૦૦૦ યુનીટ અને તેમજ (૨) માહે જુન–જુલાઈ –૧૬ નુ કુલ ૧૯૩૮ યુનીટ ના વીજબીલો રદ કરી અને જોડાણ ના બીલીગ દરમ્યાન જણાયેલ પડતર રહેલ એવા વસુલાત પાત્ર એવા આખરી કુલ ૨,૯૩૪ યુનીટ ને, માહે જુન–જુલાઈ –૧૪ થી માહે જુન–જુલાઈ –૧૬ સુધી ના ૧૪ દ્રીમાસીક બીલો મા વિભાજીત કરી, જે મુજબ પ્રત્યેક બીલ (૨૯૩૪ ÷ ૧૪ = ૨૧૦ યુનીટ) ૨૧૦ યુનીટ ની ગણતરીએ થતી રકમ મુજબ નુ, નવેસર થી જ બનાવી – એ મુજબ, માહે જુન–જુલાઈ –૧૪ થી માહે જુન–જુલાઈ –૧૬ સુધી ના ૧૪ દ્રીમાસીક બીલો – જે પ્રત્યેક ૨૧૦ યુનીટ ની ગણતરી થતી રકમ મુજબ ના સદર ૧૪ બીલો ની વિગતો (પ્રત્યેક બીલ ની ૨૧૦ યુનીટ તેમજ રકમ ની ગણતરી દર્શાવતુ એવુ સુવ્યવસ્થિત ગણતરીપત્રક) દર્શાવતુ સુવ્યવસ્થિત ગણતરીપત્રક, ( જે તમામ ૧૪ વીજબીલ ની ગણતરીએ થતા આખરી સરવાળા ની રકમ અન્વયે ની વસુલાત નુ ગણતરીપત્રક) જે અરજદાર શ્રી ને, લેંખીત પત્ર સાથે, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા પાઠવવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..